GJBK020006062026 **બીજા એડી.ચીફ જ્યુડી.મેજિસ્ટ્રેટ ની અદાલત સમક્ષ, પાલનપુર.**
**સી.એન.મારફતિયા, બીજા એડી.ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ, પાલનપુર.**

---

**ફોજદારી કેસ નં. ૩૫૦/૨૬**
**આંક. ૦૭**

ફરિયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ...

આરોપીઃ– લક્ષ્મણભાઇ નાનજીભાઈ ચૌહાણ, ઉં.૩૮ વર્ષ,
રહે.મેરવાળા,તા.પાલનપુર,જિ.બનાસકાંઠા

**ગુન્હોઃ– પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ**

## –:: ઠરાવ ::–

(૧) ફરીયાદપક્ષે સબંધિત પોલીસ સ્ટેશન તરફથી તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ મુજબના ગુનામાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ. આરોપીએ સ્વેચ્છાએ ગુના કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીની ગુના કબુલાત નોંધી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલાને જાહેર કરેલ છે.

(૩) આરોપી સ્વૈચ્છીક ગુનો કબુલ કરતા હોય, આરોપીની કબુલાત ધ્યાને લઈ, આરોપીને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી. આરોપી કાયદાની આંટીઘુટીનો લાભ મેળવવા પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છીક ગુનો કબુલ કરે છે. તે સંજોગોમાં *નામદાર ગુજરાત હાઈકોર્ટના ડિવીઝન બેંચે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનાનં.૭૦૯ ગુજરાત સરકાર વિ. નટવરલાલ હરચંદજી ઠાકોર* ના ચુકાદામાં ઠરાવેલ છે કે જો આરોપીનો પ્રથમ ગુનો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો કોર્ટ કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરતાં પણ ઓછી સજા ફરમાવી શકે છે. જે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાના સિદ્ધાંત આ કામે યોગ્યપણે લાગુ પડતા હોવાને અત્રેની કોર્ટનું માનવું છે. આરોપીને સજા કરવામાં આવે તો આરોપી રીઢા ગુનેગારના સંસર્ગમાં આવે અને ગુનાખોરીના માર્ગે ચડે તેવી શકયતાને ધ્યાને લેતાં ઉપરોકત હકીકતને ધ્યાને લઈ આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા નહી કરતાં, આરોપીની ગુના કબુલાત સ્વીકારી આરોપીની આર્થિક પરિસ્થિતિ, સંજોગો તથા દયાની માંગણીને ધ્યાને લઈ આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪ અન્વયે આરોપીને પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ.૧૦૦/– (અંકે રૂપિયા એક સો) પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોકત દંડની રકમ ન ભરે તો દિન–૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. અપીલ સમય બાદ મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજ રોજ નેશનલ લોક અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃ પાલનપુર.
તા. ૧૧–૦૭–૨૦૨૬

(ચૈતન્ય નવનિતલાલ મારફતિયા)
બીજા એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૮૮